## જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૭/૦૫/૨૦૨૫ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૬૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૧૦૬ લીટર દેશી દારૂ, ૨૪૨ બોટલ ઈંગ્લીશ દારૂ,૪૨૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૧૧ બિયર ટીન, ૧ સ્કુટર, ૨ મોટર સાયકલ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૮,૦૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૬૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૬૬૨/૨૦૨૫**

**કાગડાપીઠઃ** મંજુલાબહેન વા/ઓ જગદીશભાઇ નાચી (ઉ.વ.૬૦) (રહે. વિજય એપાર્ટમેન્ટ ચુના રોડ માણેકપુર વસઈ વેસ્ટ તા.પાલઘર મુંબઈ) એ તા.૧૬/૦૫/૨૦૨૫ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૩/૨૦૨૫ સવારના ૮/૦૦ થી ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મણીનગર રેલવે સ્ટેશન થી ગીતા મંદીર એસ.ટી.બસ સ્ટેશન સુધીની શટલ ઓટો રીક્ષાની મુસાફરી દરમ્યાન રિક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેઠેલ ત્રણ પુરૂષોએ મંજુલાબહેનની નજર ચૂકવી થેલામાંથી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૯૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.ચૌહાણ ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૬૬૩/૨૦૨૫**

**નરોડાઃ** કલ્પેશભાઈ ગોપાલભાઈ પંચાલ (ઉ.વ.૩૦) (રહે. સત્વ શ્રીજી ફ્લેટ ખોડીયાર માતા મંદિર પાસે પાયલનગર રોડ નરોડા) તા.૧૫/૦૫/૨૦૨૫ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે નરોડા ઉત્પલ સોસાયટી બળીયાદેવ મંદિરની બાજુમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સ્પોર્ટ જેવા મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ કલ્પેશભાઈ પંચાલના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સહીત કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ કલ્પેશભાઈ પંચાલ એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.બી.વિહાત ચલાવે છે.

**ડુબી જતા મૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૬૬૪/૨૦૨૫**

**નારોલઃ** નિરવ સ/ઓ જીવાભાઇ બ્રાહ્મનીયા (ઉ.વ.૩૩) (રહે. ગણેશ હાઇટસ સાંઘાણી ઉપવન બંગ્લોઝની ગલીમાં લક્ષ્મીનિવાસ પાસે નારોલ) એ તા.૧૬/૦૫/૨૦૨૫ કલાક ૧૧/૩૦ વાગ્યા પહેલા લાંભા ગામ ખાતેના લાંભા તળાવના પાણીમાં પડી જતા ડુબી જવાના કારણે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોઘી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઇ અર્જુનભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૬૬૫/૨૦૨૫**

**કૃષ્ણનગરઃ** હેમાંગી વા/ઓ હાર્દિક જોશી (ઉ.વ.૨૪) (રહે. વિક્ટોરિયા હાઇટ્સ મધુવન ગ્લોરી પાસે કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૫/૨૫ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોઘી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી